મહત્તમ : ૩૮.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૩૯ ટકા
ગાંધીનગર તાપમાન

ગૌરીવ્રત નિમિત્તે બજારમાં ડ્રાયફ્રુટનું વેચાણ શરૂ

ગાંધીનગર, તા.૧૦

ગૌરીવ્રતને થોડા દિવસની વાર છે અને બજારમાં તે માટેની તયારીઓ શરૂ થઈ ગઈ છે. બાલિકાઓ માતા-પિતા સાથે ડ્રાયફ્રૂટસની ખરીદીમાં લાગી ગઈ છે. બજારમાં વિવિધ પ્રકારના ડ્રાયફ્રુટસ ઉપલબ્ધ છે. પહેલા કરિયાણાની દુકાનમાં જ જોખ મુજબ મળતા ડ્રાયફ્રુટસ હાલ મીઠાઈની દુકાનોમાં વિવિધ આકર્ષક ડ્રાયફ્રુટસ બાસ્કેટ સાથે વેચાય છે. આ ઉપરાંત ગત વર્ષ કરતાં અખરોટના ભાવમાં વધારો જોવા મળ્યો છે. વિવિધ ડ્રાયફ્રુટસ ૩૦૦થી ૧૦૦૦ રૂ. કિલોની વચ્ચે વેચાઈ રહ્યા છે.

શહેરની બાળાઓ ગૌરીવ્રત નિમિત્તે ખાસ કરીને વધુ ઉપયોગમાં લેવાતા ડ્રાયફ્રુસની ખરીદી કરતી જોવા મળી રહી છે. ગૌરીવ્રતમાં મોળું ખાવાનું હોવાથી બાળાઓ વધુ ડ્રાયફ્રુટસનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરતી હોય છે. જેથી દિવસ દરમિયાન તેમને એનર્જી મળી રહે. બજારોમાં તેને અનુલક્ષીને વેચાણ શરુ થઈ ગયું છે. જેમાં અખરોટના ભાવમાં ગત વર્ષ કરતાં ભાવમાં વધારો થયો છે. આખા અખરોટ ૨૫૦ થી ૫૦૦ રૂ. કિલો અને છુટક ફોલેલા ૫૦૦ થી ૧૦૦ રૂ. કિલોમાં વેચાયછે. જયાં અંજીરમાં કવોલિટી મુજબ ભાવ લેવાય છે. સારામાં સારા અંજીર લગભગ ૮૦૦ થી ૧૬૦૦ રૂ. કિલોમાં વેચાયછે. બદામ ૭૫૦ થી ૮૫૦ રૂપિયે કિલો, દ્રાક્ષ ૮૦૦ થી ૯૫૦ રૂપિયે કિલો, જલદારૂ ૪૦૦ થી ૭૦૦ રૂપિયે કિલો, મુકિત ૨૦ રૂ.ની ૨૫૦ ગ્રામ, રેવડી ૨૫૦ રૂ.ની ૨૫૦ ગ્રામ, કોપરા ૨૮૦ રૂપિયે કિલો અને ખજુર ૫૦ રૂ.ના ૫૦૦ ગ્રામના ભાવે બજારમાં વેચાય છે. આ સિવાય ચીકી અને શેકેલી મોળી સિંગ પણ ગૌરીવ્રત નિમિત્તે વધુ ચલણમાં છે. જયારે મિઠાઈની દુકાનોમાં સમજાવેલ ડ્રાયફ્રુટ બાસ્કેટનો ભાવ ૫૦૦ થી શરૂ થઈ ૨૨૦૦ રૂપિયા સુધીનો છે. મિક્ષ ૧ કિલો ડ્રાયફ્રુટની બાસ્કેટ લગભગ ૯૦૦ થી ૧૦૦૦ રૂપિયામાં વેચાય છે.

ગુજકોસ્ટના સુપર કોમ્પ્યુટર આધારિત વર્કશોપમાં રાજયના ૩૨ વિદ્વાનોએ ભાગ લીધો

છેલ્લા બે વર્ષમાં કુલ ૧૬ સંસ્થાઓને સુપર કોમ્પ્યુટર અપાયા : સુપર કોમ્પ્યુટર થકી રાજયમાં સંશોધનને મજબૂત બનાવાશે : ધનંજય દ્વિવેદી

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગુજકોસ્ટ દ્વારા સુપર કોમ્પ્યુટર આધારિત તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજયભરમાંથી ૧૬ એન્જિનીયરીંગ અને રિસર્ચ ઈન્સ્ટિટયુટસમાંથી ૩૨ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ગુજકોસ્ટ દ્વારા સુપર કોમ્પ્યુટર સવલતોમાં પ્રોસેસિંગના નવા માર્ગમાં ફેકલ્ટીઓને દોરવાના હેતુથી સી.ડેકના સહયોગથી હાઈ પરફોર્મન્સ કોમ્પ્યુટીંગ એન્ડ ડીપ લર્નિંગ અંગે ચાર દિવસીય તાલીમ વર્કશોપનું પણ આયોજન કર્યું છે. આ વર્કશોપમાં ૧૨ યુનિવર્સિટીઓ સહિત રાજયના ૧૬ એન્જિનીયરીંગ અને રિસર્ચ ઈન્સ્ટિટયુટસમાંથી ૩૨ સિનીયર ફેકલ્ટી અને સંશોધન વિદ્વાનો ભાગ લઈ રહ્યા છે.

સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજકોસ્ટે ગુજરાતના ફેકલ્ટી, રિસર્ચ રિકોલર્સ અને વિદ્યાર્થીઓના લાભાર્થે સુપર કોમ્પ્યુટીંગ સવલતો પ્રસ્થાપિત કરીને સંશોધન પ્રવાહને મજબૂત બનાવવાની દિશામાં એક વ્યાપક પગલું ભર્યું છે જે વિદ્યાર્થીનીઓમાં ટેકનિકલ સમજ વધારવામાં પરિણમશે અને તેમની કારકિર્દીમાં સ્પર્ધાત્મક લાભો ઉઠાવવામાં સક્ષમ બનશે. આ પ્રસંગે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ ધનંજય દ્વિવેદીએ જણાવ્યુ હતું કે 'ગુજરાત સરકાર રિસર્ચ સાથે સંકળાયેલ સંસ્થાઓને સુપર કોમ્પ્યુટર લેબ પુરી પાડીને મજબૂત બનાવવા માંગે છે. વિદ્યાર્થીઓએ શકય હોય એટલો વધુ પ્રમાણમાં રિર્સચ માટેનો સ્ત્રોતોનો ઉપયોગ કરવો જોઈએ.' અત્રે ઉલ્લેખનીય છે કે ગુજકોસ્ટે વર્ષ ૨૦૧૭-૧૮માં રાજયમાં વિવિધ ૬ એન્જિનીયરીંગ તથા રિસર્ચ ઈન્સ્ટિટયુટસને ૬ સુપર કોમ્પ્યુટર પુરા પાડયા હતા જેમાં અમદાવાદની એલ.ડી. એન્જિનીયરીંગ કોલેજ, રાજકોટની ગર્વમેન્ટ એન્જિનીયરીંગ કોલેજ, સુરતની વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિ., પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. તથા ગાંધીનગરના ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર તથા ઈન્સ્ટિટયુટ ફોર સિસ્મોલોજીકલ રિસર્ચનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ગુજકોસ્ટે રાજયમાં ૧૦ એન્જિનીયરીંગ અને રિસર્ચ ઈન્સ્ટિટયુટસને ૧૦ સુપર કોમ્પ્યુટર્સ પુરા પાડયા છે. જેમાં ગાંધીનગરની એલડીઆરપી એન્જિનીયરીંગ કોલેજ ઉપરાંત અમદાવાદ, આણંદ, વલ્લભવિદ્યાનગર, વડોદરા, નડિયાદ, પેટલાદ વગેરે સ્થળોની વિવિધ સંસ્થાઓનો સમાવેશ થાય છે. દરેક સંસ્થામાં પરમ સેવક સુપર કોમ્પ્યુટર સાથે સી-ડેકની ફેકલ્ટીઓ અને ઉદ્યોગ નિષ્ણાંતો રાજય તથા રાષ્ટ્રીય સ્તરે અગત્યની રીઅલ લાઈફ સમસ્યાઓ પર તાલીમ આપવા મુલાકાત લેશે. વર્કશોપમાં હાઈ પરફોર્મન્સ એન્ડ લિનકસ ઈન્ટ્રોડકશન પરના થિયરી સત્ર બાદ તાલીમાર્થીઓએ લિનકસ પ્રોગ્રામીંગ પરના લેબ સત્રમાં ભાગ લીધો હતો.

અડાલજ જમિયતપુરા પાસે નર્મદા કેનાલમાંથી અજાણી મહિલાનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૦

અડાલજ જમીયતપુરા પાસે આવેલી નર્મદા કેનાલમાંથી બુધવારના રોજ બપોરના સમયે અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. યુવતિના શરીરે ફીટ કરેલી નળીને પગલે તે કોઈ હોસ્પિટલમાંથી સીધી નીકળી હોવાનું પોલીસને અનુમાન છે.

બનાવની વિગત પ્રમાણે ગાંધીનગર તાલુકાના જમિયતપુરા ગામ પાસેથી પસાર થતી કેનાલમાંથી આજે બપોરના સુમારે એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે.નર્મદા કેનાલમાં મહિલાનો મૃતદેહ તરતો જોતા રાહદારીએ અડાલજ પોલીસને જાણ કરતા અડાલજ પોલીસ મથકના એએસઆઈ સંદિપ નાડીયા તાત્કાલીક બનાવ સ્થળે પહોંચી ગયા હતા. પોલીસે મૃતદેહને બહાર કઢાવીને તપાસ કરતા મહિલાની ઓળખ આપે તેવા કોઈ આધાર-પુરાવા મળી આવ્યા ન હતા.જેને પગલે પોલીસે મહિલાના મૃતદેહને પીએમ માટે મોકલી આપ્યો હતો અને તેના વાલી વારસોની શોધખોળ શરુ કરી હતી. મહિલાના હાથમાં ટી તેમજ દિલમાં આર નું છુંદણુ ચિતરેલુ હતું. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહિલાના શરીર પર હોસ્પિટલમાં એડમીટ હોય તેવી પ્લાસ્ટીકની નળી મળી આવી છે. જેથી શંકા સેવાઈ રહી છે કે મહિલા કોઈ હોસ્પિટલમાંથી નીકળીને સીધી કેનાલ પાસે પહોંચી જઈને આપઘાત કર્યો હોય તેમ લાગી રહ્યું છે. હાલ તો પોલીસે બનાવ અંગે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સી.એમ. હાઈસ્કૂલમાં ફાયર સેફટી જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. શાળામાં ૧૦૦૦ વિદ્યાર્થીઓ માટે ફાયર વિભાગના સૌજન્યથી જનજાગૃતિ આવે અને વિવિધ સાધનોના ઉપયોગ અને સાવચેતીના પગલાંનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ફાયર ઓફિસર મહેશ મોઢ દ્વારા વિદ્યાર્થીઓને આગના પ્રકાર, કુદરતી આફતના પ્રકાર, સાવધાની, લેવાતા પગલા, સમય સૂચકતા, અગ્નિ શામક દળના સાધનોનો યોગ્ય ઉપયોગ તથા જુદા જુદા સાધનો અને ફાયર બ્રિગેડની વાનનો ઉપયોગ તેમજ જીવંત નિદર્શન વિદ્યાર્થીઓને દર્શાવી તેમને પણ આ કાર્યક્રમમાં જોડયા

હતા. આ સાથે ઉદાહરણ આપી શાળામાં ઘરમાં કે જાહેર જગ્યાએ આગ લાગે તો જાનહાની ટાળી નુકશાન અટકાવાય તે સમજાવી વિદ્યાર્થીના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા. શાળાના પ્રિન્સિપાલ ચેતનાબેન બૂચ દ્વારા સ્વાગત પ્રવચન કરાયું હતું. કાર્યક્રમ લાલુભાઈ દેસાઈ દ્વારા સંચાલિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ડી.એન. પટેલ, મહેશભાઈ ખોરસ્મા અને શારદાબેન ચોથાણીનો ખાસ ફાળો રહ્યો હતો.

સ્વચ્છ ગુજરાત અંતર્ગત ગમે તેટલી યોજનાઓ અમલમાં મુકાય છતાંય સેકટર-૨૧માં રાધેની સામે મુકાયેલ ફુવારાની આજુબાજુ પાણી ભરાઈ રહેતા લીલ જામી ગઈ છે જેનાથી રોગચાળો ફેલાવવાની સંભાવના ખરી...!!!

સૌરાષ્ટ્ર અનુ. જાતિ સેવા સમાજનો સન્માન સમારંભ ૧૩મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

સમસ્ત સૌરાષ્ટ્ર અનુસુચિત જાતિ સેવા સમાજના તેજસ્વી તારલાઓ અને સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયેલ સભ્યશ્રીઓનો સન્માન સમારંભ તા. ૧૩મી જુલાઈના રોજ સવારના ૯.૩૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે યોજવામાં ઓવેલ છે. સભ્યશ્રીઓએ પરિવાર સાથે હાજર રહેવા પ્રમુખ સમસ્ત સૌરાષ્ટ્ર અનુસૂચત જાતિ સેવા સમાજ ગાંધીનગરે જણાવેલ છે.

ગાંધીનગર કલેકટર કચેરી ખાતે તલાટીને લાફો મારનાર આરોપીની ધરપકડ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરની કલેકટર કચેરી ખાતે તાજેતરમાં મહેસુલ મહિલા તલાટી સાથે અપશબ્દો તેમજ જાતિ વિષયક અપમાન કરી લાફો મારી દેવાની ઘટનામાં આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કલોલ ખાતે રહેતા નીલમ વીકી મકવાણા (ઉં.વ.૩૪) ગાંધીનગર કલેકટર કચેરી ખાતે રેવન્યું વિભાગમાં મહેસુલ તલાટી તરીકે ફરજ બજાવે છે. જે છેલ્લા બે વર્ષથી રજીસ્ટ્રી શાખામાં ટપાલો ઈનવર્ડ કરવાનું કામ કરે છે. ગત તા.૧ જુલાઈના રોજ રાજેશ મણીલાલ પટેલ રહે.છાલા પોતાની ત્રણ પેજની અરજી લઈને આવ્યો હતો. અરજી લઈને તલાટીએ એક નકલ પરત કરી હતી. જેથી તેણે ઈનવર્ડ નંબર માંગ્યો હતો, જેથી તલાટીએ અરજી પર ઉપરી અધિકારીની સહી બાદ ઓનલાઈન કોમ્પ્યુટરમાં એન્ટ્રી કર્યા પછી ઈનવર્ડ નંબર પડતો હોય છે, જેથી થોડીવાર બેસો આપુ છુ કહ્યું હતું. જેને પગલે ઉશ્કેરાયેલા આરોપીએ ગાળાગાળી કરી યુવતિને જાતિ વિષયક અપમાન કરી લાપો મારી દીધો હતો. બનાવ બાદ આરોપી ફરાર થઈ ગયેલા આરોપીને એસસી એસટી સેલના ડીવાયએસપી બી.જે.ચૌધરીએ પોતાની ટીમ સાથે પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

રાજભવનમાં પુસ્તક વિમોચન અને જૈનાચાર્યનું ઉદ્‌બોધન

ગાંધીનગર, તા.૧૦

જૈન સામાહિક 'જિનેન્દ્ર'ના મહાવીર જન્મકલ્યાણક વિશેષાંકનો

વિમોચન પ્રસંગ તા. ૦૮-૦૭-૨૦૧૯ના રોજ રાજભવનમાં રાજયપાલ શ્રી ઓ. પી. કોહલી અને એક સો જેટલા આમંત્રિતોની ઉપસ્થિતિમાં ગોઠવાયો હતો. તે પ્રસંગે ગાંધીનગર સેકટર-૨૨માં ચાતુર્માસ માટે પધારેલ જૈનાચાર્ય શ્રી ઉદયવલ્લભસૂરિજી મ.સા. એ ખૂબ જ માર્મિક પ્રવચન આપ્યું હતું.

"જૈનો જેને ષટ્‌કાય કહે છે અને દુનિયા જેને રિસોર્સ (કુદરતી સંપત્તિ) કહે છે તેને બચાવ્યા વગર હવે ચાલશે નહીં. જીવનમાં ગુણ તરીકે જે અહિંસાને નહિં સ્વીકારે તેણે ફરજ રૂપે અહિંસા સ્વીકારવી જ પડશે. અત્યાર સુધી અન્યને જીવાડો તે અહિંસા કહેવાતી હતી. હવે આપણા અસ્તિત્વની પૂર્વશરત રૂપે અહિંસા ફરજિયાત બની રહી છે. "હિંસા પીડિત વિશ્વ કો રાહ મહાવીર દે સકતા હૈ, વર્તમાન કો વર્ધમાન કી આવશ્યકતા હૈ..."

આ પ્રસંગે રાજયપાલશ્રીએ પ્રાસંગિક સુંદર ઉદ્‌બોધન તથા પુસ્તક વિમોચન કર્યું હતું.

શહેરના ફૂટપાથ પર હાલ બાઉલ અને માછલી લઈને વેપારીઓ જોવા મળી રહ્યા છે. જેઓ અમદાવાદથી શહેરમાં ધંધા અર્થે આવે છે. રંગબેરંગી માછલીઓ સાથે કાચનું બાઉલ કિંમત ૫૦૦ સુધીમાં વેચાય છે.

વસુધા ક્રેડિટ સોસાયટીની ૨૮મીએ સાધારણ સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ધી વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિ. ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તા. ૨૮મી જુલાઈના રોજ બપોરે એક વાગે ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ સેકટર-૧૨ ખાતે મળશે. સાધારણ સભા પુરી થયા બાદ તેજસ્વી તારલાનો સન્માન સમારંભ મહાનુભાવોની હાજરીમાં યોજાશે. વાર્ષિક અહેવાલ ના મળેલ હોય તો કાર્યાલયમાંથી મેળવી લેવા અને જે વિદ્યાર્થીઓ ઈનામ મેળવવા પાત્ર હોય તેમને ફોર્મ પણ તા. ૨૦મી જુલાઈ સુધીમાં ભરી દેવા જણાવાયું છે.

શહેરમાં ગુરૂપૂર્ણિમાના પવિત્ર પર્વની ઉજવણીના આયોજનોની તૈયારીઓનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં આગામી તા. ૧૬મી જુલાઈ મંગળવારના રોજ અષાઢ સુદ પૂનમે 'ગુરૂપૂર્ણિમા'ના પવિત્ર પર્વની ઉજવણીના આયોજનોની તૈયારીઓ શરૂ થઈ જવા પામી છે. શહેરમાં વિવિધ ધાર્મિક આશ્રમો તથા મંદિરોમાં ગુરૂ વંદના તથા ગુરૂપૂજનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સંત કબીરે કહ્યું છે કે, 'ગુરૂ-ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય, બલિહારી ગુરુજી કી જીસને ગોવિંદ દિયો બતાય' એટલે કે ગુરૂ અને ગોવિંદ બંને એક સાથે સામે ઉભા હોય ત્યારે ભકત વિચારમાં પડે છે કે કોને પહેલા પગે લાગુ ત્યારે કબીર કહે છે કે ગોવિંદની ઓળખ કરાવનારો ગુરુ છે તેથી પહેલા ગુરુને પગે લાગવું જોઈએ. ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન હંમેશાથી ઊંચુ અને પવિત્ર માનવામાં આવે છે, ગુરુ જ એક એવો પારસમણિ છે જે ગમે તેવા કોલસાને પણ કંચન બનાવી શકે છે. વ્યકિતમાં રહેલી ક્ષમતા અને પ્રતિભાને જો યોગ્ય માર્ગદર્શક ગુરુ મળી જાય તો વ્યકિત અસાધારણ સિધ્ધઓ સહજતાથી હાંસલ કરી શકે છે. આથી જ અષાઢ સૂદ પૂનમે ઉજવાતું પવિત્ર પર્વ ગુરૂપૂર્ણિમાનું મહત્વ ખૂબ રહેલું છે અને આ દિવસે ઠેર ઠેર ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂવંદના તથા ગુરૂ પૂજનના કાર્યક્રમો યોજાય છે.

ગાંધીનગરમાં પણ ગુરૂપૂર્ણિમાના પર્વની ભારે શ્રધ્ધાપૂર્ણ ઉજવણી કરવામાં આવે છે. શહેરના સેકટર-૧માં સમદર્શન આશ્રમ ખાતે, વાવોલમાં રામજી મંદિર ખાતે, બાલવા ખાતેના ગિરનારી આશ્રમ ખાતે તેમજ બ્રહ્માકુમારીઝ કેન્દ્ર, સ્વામિનારાયણ મંદિર, જૈન સંઘ વગેરે દ્વારા ઉજવાતા ગુરૂપૂર્ણિમા મહોત્સવ જાણીતા છે. શહેરમાં દર વર્ષે જયાં પરંપરાગત રીતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાય છે તે તમામ સ્થળે આ વર્ષના ગુરૂપૂર્ણિમા મહોત્સવની તૈયારીઓ આરંભી દેવાઈ છે અને ભાવિકોને નિમંત્રણ પણ પાઠવવામાં આવી રહ્યા છે. ગુરૂવંદના સાથે કેટલાક સ્થળે વિવિધ યજ્ઞ હોમ હવનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. ભાટી લક્ષ્મીકુમાર જનકસિંહ, ઉ.વ. ૫૫
- સ્વ. વાઘેલા વસંતબા લક્ષ્મણસિંહ, ઉ.વ. ૮૩
- સ્વ. દશરથભાઈ પૂંજાભાઈ મોચી, ઉ.વ. ૮૩
- સ્વ. ચંદુજી શનાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. દવે ભાસ્કરરાય ખેલશંકર, ઉ.વ. ૭૯